# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા માહે જૂન-૨૦૧૯ દરમિયાન ગાંધીનગર/અમદાવાદના વિવિધ પેટાકેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (3) | પ્રાથમિક કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | માઇક્રોબાયોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | ૧૦3/૨૦૧૮-૧૯ | ૦૨/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૨૧/૦૫/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |
| ૨ | પેથોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | ૧૦૪/૨૦૧૮-૧૯ | | |
| 3 | ઇ.એન.ટી. સર્જન, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | ૧૦૫/૨૦૧૮-૧૯ | | |
| ૪ | રેડીયોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | ૧૦૬/૨૦૧૮-૧૯ | | |
| ૫ | મનોરોગ ચિકિત્સક, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | ૧૦૭/૨૦૧૮-૧૯ | | |
| ૬ | એસોસિએટ પ્રોફેસર/રીડર(હોમિયોપેથી), ફિઝિયોલોજી ઇન્ક્લુડીંગ બાયોકેમેસ્ટ્રી, વર્ગ-૧ | ૬૦/૨૦૧૮-૧૯ | | |
| ૭ | એસોસિએટ પ્રોફેસર/રીડર(હોમિયોપેથી), ફોરેન્સિક મેડીસીન એન્ડ ટોક્સિકોલોજી, વર્ગ-૧ | ૬૨/૨૦૧૮-૧૯ | | |
| ૮ | પુરાતત્વીય ઇજનેર, વર્ગ-૨ | ૭૨/૨૦૧૮-૧૯ | | |
| ૯ | મહિલા અધિકારી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ–૨ | ૧૦૧/૨૦૧૮-૧૯ | | |
| ૧૦ | રાજ્ય વેરા નિરીક્ષક (STATE TAX INSPECTOR) વર્ગ-3 | ૮૦/૨૦૧૮-૧૯ | ૦૯/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ | ૨૫/૦૫/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |
| ૧૧ | મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ | ૪૯/૨૦૧૮-૧૯ | ૨3/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૪/૦૬/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |
| ૧૨ | સંશોધન અધિકારી, વર્ગ-૨ | ૫૧/૨૦૧૮-૧૯ | | |
| ૧3 | મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | ૭૯/૨૦૧૮-૧૯ | | |
| ૧૪ | ખેતી અધિકારી,વર્ગ-૨ | ૧૧૧/૨૦૧૮-૧૯ | ૨3/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૦/૦૬/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |
| ૧૫ | સાયન્ટીફીક ઓફિસર (ભૌતિક જૂથ), વર્ગ-૨ | ૧૨૨/૨૦૧૮-૧૯ | ૨3/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૧/૦૬/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |
| ૧૬ | અધિક્ષક, મધ્યસ્થ જેલ અને પોરબંદર ખાસ જેલ, વર્ગ-૧ | ૧૨૫/૨૦૧૮-૧૯ | | |
| ૧૭ | આચાર્ય, પર્વતારોહણ સંસ્થા, માઉન્ટ આબુ, વર્ગ-૧ | ૧૨૬/૨૦૧૮-૧૯ | | |
| ૧૮ | પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ | ૧૧૨/૨૦૧૮-૧૯ | 3૦/૦૬/૨૦૧૯ સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૫/૦૬/૨૦૧૯ ૧3:૦૦ કલાકથી |

જા.ક્ર. ૮૦/૨૦૧૮-૧૯ અને ૧૧૨/૨૦૧૮-૧૯ સિવાયની જાહેરાતમાં જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ ૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧-૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં ફક્ત પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧અને૨) “Online” ડાઉનલોડ કરવાના રહેશે. જા.ક્ર. ૮૦/૨૦૧૮-૧૯ અને ૧૧૨/૨૦૧૮-૧૯ માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧અને૨) જ ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર “Online” ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર /સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in/ પર જવું. (૨) “Call Letter/Form”>> “Preliminary Call Letter” પર “Click” કરવું. (3) અહીં ઉમેદવારે પોતાની “Job Select” કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઈપ કરવાના રહેશે. (૪) હવે “Print Call Letter” પર “Click” કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર “Click” કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષાખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષાકેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

ખાસ નોંધ:- (૧) પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામતકક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-3 સર્કલ પાસે, ‘છ’ રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર “Application Not Found”નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તા.૨૦-૦૫-૨૦૧૯